
॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 49,(SURAT), DATE-28/05/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૯, (સુરત), તા.૨૮/૦૫/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફળિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 બોધાન ગામમાં ૬ જુગારી ઝડપાયા, ૨ ફરાર; રૂા.૨.૬૬ લાખનો મુદ્દામાલ જપ્ત

3 વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભૂજ ખાતેથી તાપી જિલ્લાને આપી વિકાસકાર્યની ભેટ

4 નિઝર, કુકરમુંડામાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ


# ભરૂચ : વાલિયા ખાતે શ્રી વીર શિરોમણી મહારાણા પ્રતાપસિંહ ની ભવ્ય મૂર્તિ પ્રતિમાનુ અનાવરણ કરવામાં આવ્યું


























ઉપસ્થિત કાર્યક્રમમાં અતિથિ તરીકે મહારાણા પ્રતાપ સ્મારક અભિયાન ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ચંદ્રસિંહ નમાણા તેમજ રાજા સાહેબ શ્રી માનવેન્દ્રસિંહ . મથુરા રાજપીપળા ના મહારાણીબા અને શ્રીમતી તૃપ્તિબા રાવલ: મહિલા પ્રમુખ સંકલન સમિતિ ગુજરાત તેમજ તેમજ ભરૂચ વાલિયા સમાજ ના સામાજિક અને રાજકીય અગ્રણી દિલીપ સિંહ રાઠોડ શ્રી બારડોલી વિભાગ રાજપૂત સમાજના પૂર્વ પ્રમુખ ધીરજસિંહ બાપુ ચાપલધારા રાજપૂત સમાજ વિભાગ ના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ કોસંબા વિભાગ રાજપૂત સમાજ ના પ્રમુખ ડો. રાજેન્દ્રસિંહ આલુજા ગિરાસ રાજપૂત સમાજ અગ્રણી સેજલસિંહ વાંસિયા શ્રી રાજપુત કરણી સેના દક્ષિણ ગુજરાત ના પ્રમુખ મેહુલસિંહ દેસાઈ શ્રી રાજપુત કરણી સેના બારડોલી તાલુકા મહામંત્રી જશપાલસિંહ પરમાર શ્રી રાજપુત કરણી સેનાના સુરત જિલ્લા મીડિયા કન્વીનર અને નેશનલ પ્રેસ એસોસિએશન ના ગુજરાત પ્રદેશ મીડિયા કન્વીનર ગુજરાત આત્મીયતા ન્યૂઝ એડિટર હિમાંશુ સિંહ ઠાકોર અને શ્રી રાષ્ટ્રીય રાજપુત કરણી સેના ગુજરાતના મહા સચિવ મનીષ સિંહ તેમજ જીતેન્દ્રસિંહ રાજાવત અને રાજપુત સમાજના અગ્રણીઓ યુવાનો અને મહિલા યુવતીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા વાલીયા તાલુકા રાજપુત સમાજના યુવાનો અને યુવતીઓ દ્વારા અદભુત તલવાર બાજી ની કૃતિ રજૂ કરી રાજપુતાના કલ્ચર ખમીરી અને ખુમારી શોર્ય ની ઝાંખી દર્શાવી હતી મહારાણા પ્રતાપ સ્મારક અભિયાનના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ચંદ્રસિંહ નમાણાજીનો આવનારા સમયમાં મહારાણા પ્રતાપ સિંહની ૫૦૦ પ્રતિમા ભારત દેશમાં પ્રસ્થાપિત કરવાનો લક્ષ્યાંક સંકલ્પ કર્યો છે જેમાં વાલિયા ખાતે ૨૨મી મૂર્તિનું અનાવરણ કાર્ય કરવામાં આવ્યું છે અલગ અલગ રાજ્યમાં ૩૦ જેટલી પ્રતિમા નુંઅનાવરણનુંકાર્ય ચાલુ છે.

શ્રી મહારાણા પ્રતાપ સ્મારક માં આદિવાસી વીર પુંજા ભીલ અને મહારાણા પ્રતાપસિંહ ની એકતા નું પ્રતીક નિશાની ની એક તક્તી લગાવવામાં આવી છે જે દર્શાવે છે કે મહારાણા ક્ષત્રિય કુળના હતા પણ દરેક વર્ણના સમાજને સાથે રાખીને તેમની માતા બહેનો હિત માટે પ્રજાનું રક્ષણ કરતા જેની પૂજા ભીલ સાથેની એક દ્રષ્ટાંતની તક્તી વાલીયા ખાતે અનવણમા દર્શાવી દરેક વર્ગની જનજાતિઓ ને આદર સન્માન રાખી સનાતન હિંદુ ધર્મ અને સ્વાભિમાન ના રક્ષણ માટે વીર શિરોમણી મહારાણા પ્રતાપ અનેકો યુદ્ધ યવનો સામે લડ્યા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## બારડોલીમાં સત્ય સાઈ બાબાના જન્મ શતાબ્દી મહોત્સવની ઉજવણી

# ૧૦૦ ગામના પ્રતિનિધિઓની હાજરી, પાલખી યાત્રા અને ભજન સંધ્યાનું આયોજન



**બારડોલી-** બારડોલીના કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી સત્ય સાઈ સેવા સંગઠન, ગુજરાત દ્વારા જન્મ શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી. સુરત અને તાપી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં સંગઠનના ઓલ ઈન્ડિયા પ્રેસિડેન્ટ નિમિષભાઈ પંડ્યા અને ગુજરાત રાજયના પ્રમુખ હેમંતભાઈ પટેલ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમની શરૂઆત ૧૦૦ ગામોના પ્રતિનિધિ સભ્યો અને ભક્તોના રજીસ્ટ્રેશનથી થઈ. દીપ પ્રાગટ્ય બાદ પૂજય સ્વામીનું સ્વાગત કરવામાં આવ્યું. મહાનુભાવોના હસ્તે ૧૦૦ ગામોના પ્રતિનિધિઓનું સન્માન કરાયું.

કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે વેદમ રુદ્ર પારાયણનું આયોજન થયું. ત્યારબાદ શ્રી સત્ય સાઈ બાબાની પાલખી યાત્રા નીકળી. મોટી સંખ્યામાં ભાવિક ભક્તો આ યાત્રામાં જોડાયા. પાલખી યાત્રા કેદારેશ્વર મહાદેવ મંદિરથી પાર્ટી પ્લોટ સુધી નીકળી.

'સાઈ ચરણેં' સમર્પિત ભજન સંધ્યા અને સ્વામી અવતાર મહિમા વિડિઓ શો યોજાયો. ભક્તોએ સાઈ ચરણે સંકલ્પ લીધા અને સાઈ ભજન આરતીનો લાભ લીધો. કાર્યક્રમના અંતે મહાપ્રસાદ વિતરણ કરાયું. '૧૦૦ અવતાર મહિમા' કાર્યક્રમ દ્વારા શ્રી સત્ય સાઈ બાબાના દિવ્ય જીવન અને ઉપદેશોને યાદ કરવામાં આવ્યા.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો



બારડોલી નગર માં વોર્ડ નંબર ૨ માં આવેલ બુથ નંબર ૬૭ ખાતે શૈલેષભાઈ પુર્ણેકરના નિવાસ સ્થાને નગર પાલિકાના પ્રમુખશ્રી ધર્મેશભાઈ પટેલ, નિકુંજભાઈ પટેલ, પ્રદેશ મીડિયા વિભાગ સદસ્ય તેજસ વશી, પ્રકાશભાઈ ભંડારી, શેખાવતભાઈ, તથા કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો.

# ૨૯ મી મે ના રોજ મેદસ્વીતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત વ્યારાના શ્રી રામ તળાવ ગાર્ડન ખાતે યોજાશે યોગની મહા શિબિર



**તાપી -** ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૫ ની ઉજવણીના ભાગરૂપે કાઉન્ટ ડાઉન યોગ શિબિર તથા સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મૂક્ત ગુજરાત અભિયાન અંતર્ગત તા. ૨૯ મી મે ના રોજ સવારે ૫:૩૦ થી ૭:૩૦ વગ્યા સુધી શ્રીરામ તળાવ ગાર્ડન, વ્યારા ખાતે યોગ શિબિર યોજાશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા મન કી બાત કાર્યક્રમમાં મોટાપાથી મુક્ત થવા દેશવાસીઓને કરેલા આહવાન યોગ બોર્ડ દ્વારા ઝીલી લેવામાં આવ્યો છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલ રાજપુતજી દ્વારા અખંડ પ્રચંડ પુરુષાર્થથી દસ લાખ લોકોને મોટાપાથી મુક્ત થવા માટે નો સંકલ્પ લીધેલ છે.

આધુનિક લાઈફ સ્ટાઈલ ના લીધે મોટાપો એ એક ગંભીર સમસ્યા બની ગઈ છે, જે રોગોની જનની છે.

# સાયબર ઠગાઈનો ભોગ બની સરકારી કર્મચારી: ઓનલાઈન પાર્ટ ટાઈમ જોબના નામે ગ્રામ સેવક પાસેથી રૂા. ૨.૧૫ લાખ પડાવ્યા




નવસારી- નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં સાયબર ઠગાઈનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ચીખલી ખેતીવાડી ખાતામાં ગ્રામસેવક તરીકે ફરજ બજાવતા જીનલ કાર્તિક પટેલ સાથે સાયબર ઠગોએ રૂા.૨.૧૫ લાખની છેતરપિંડી કરી છે.

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા જીનલને ૨૦ એપ્રિલે વોટ્સએપ પર પાર્ટ ટાઈમ જોબની ઓફર મળી. ઠગોએ તેમને ટેલિગ્રામ ગ્રુપમાં જોડ્યા અને એક વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવ્યું. શરૂઆતમાં ઠગોએ એક નાનું ટાસ્ક આપ્યું અને તેના બદલામાં પૈસા પણ આપ્યા. વિશ્વાસ કેળવ્યા બાદ ઠગોએ જીનલ પાસેથી વિવિધ એકાઉન્ટમાં પૈસા જમા કરાવવાનું શરૂ કર્યું. રૂા.૧૦૦૦ થી શરૂ થયેલી રકમ ધીમે ધીમે વધતી ગઈ. ફસાયેલા પૈસા પાછા મેળવવા માટે વધુ રકમ જમા કરાવવાની સૂચના આપવામાં આવી. આ રીતે કુલ રૂા.૨,૧૫,૦૦૦ સુધીની રકમ જમા થઈ ગઈ હતી.

પૈસા પરત ન મળતા જીનલે ખેરગામ પોલીસ મથકમાં સાયબર ક્રાઈમની ફરિયાદ નોંધાવી છે. પોલીસ ઈન્સ્પેક્ટર પિનલ ચૌધરી કેસની તપાસ કરી રહ્યા છે. પોલીસે વિવિધ બેંક એકાઉન્ટની તપાસ શરૂ કરી છે.

આ કેસ દર્શાવે છે કે સાયબર ઠગો માત્ર અભણ લોકોને જ નહીં, પરંતુ ભણેલા અને સરકારી કર્મચારીઓને પણ શિકાર બનાવે છે. પાર્ટ ટાઈમ જોબ, શેર બજાર અને લકી ડ્રો જેવી સ્કીમો દ્વારા લોકોને છેતરવામાં આવે છે.

# તાપી જિલ્લાનાં યુવાનો માટે સરકારશ્રીના સર્વે વિભાગમાં લાયસન્સી સર્વેયર બનવાની તક

## ડ્રાફ્ટ્સમેન અથવા અન્ય લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ઓનલાઈન નોધણી પ્રક્રિયા ચાલુ

તાપી- તાપી જિલ્લાનાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાંથી ડ્રાફ્ટ્સમેન ટ્રેડમાં ઉત્તિર્ણ થયેલા તથા અન્ય લાયકાત ધરાવતા યુવાનોને સરકારશ્રીના સર્વે વિભાગમાં લાયસન્સી સર્વેયર તરીકે નિમણૂંક મેળવવાની તક ઉપલબ્ધ થઈ છે.

સેટલમેન્ટ કમિશ્નરશ્રી, ગાંધીનગર કચેરી મારફતે પ્રસિદ્ધ થતી ભરતી જાહેરાતો અનુસાર, લાયકાત ધરાવતા તથા નોકરી મેળવવા ઇચ્છુક ઉમેદવારો માટે https://form.cybersurflinuxhosting.com/sc/ વેબસાઈટ ઉપર ઓનલાઈન નોધણી પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પસંદગી થયેલા ઉમેદવારોને લાયસન્સી સર્વેયર તરીકે નિમણૂંક આપવામાં આવશે. તેથી તાપી જિલ્લાનાં તમામ લાયકાત ધરાવતા યુવકમિત્રોને આ તક નો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

# પાળીયાદ મહાજન પાંજરાપોળ ની આદિ જીન ચેરિટેબલ ટ્રસ્ટ વાલ્કેશ્વર મુંબઈ દ્વારા મુલાકાત લીધી




આદિ જીન ચેરિટેબલ ટ્રસ્ટ વાલ્કેશ્વર મુંબઈ દ્વારા પાળીયાદ મહાજન ની મુલાકાત લીધી આ પ્રસંગે ૧ લાખ ઘાસ ચારા ના નિરણ પેઠે આપ્યા હતા.બે વર્ષ પહેલા આજ પંજરાપોળ માં આદિ જિન વતી ૨ મોટા શેડ તથા ચબુતરા નું નિર્માણ કરેલ હતું.

આદિ જીન ટ્રસ્ટ દ્વારા ચારા નિમિત્તે પાળીયાદપંજરાપોળ ને સહાય કરવામાં આવે છે. આભાર ખુબ ખુબ ધન્યવાદ જગતના સર્વ જીવોનું કલ્યાણ થાવો શુભ થાવો મંગલ થાવો શ્રી પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ હૃદય પૂર્વક આભાર અભિનંદન ધન્યવાદ પાઠવે છે.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત

# શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૨૭/૦૫/૨૦૨૫ ને મંગળવારના રોજ ૬૭૮ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૨૭/૦૫/૨૦૨૫ ને મંગળવારના રોજ ૬૭૮ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે નિ:શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન (નારાયણ સેવા) સ્વ. લલિતાબેન ગોવિદભાઇ પટેલ (સેવણી) ના સ્મર્ણાર્થે હસ્તે સમીતભાઈ સિરીષભાઈ પટેલ પરિવાર (સેવણી) તરફથી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એક્દમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી.

# નવસારીમાં વાતાવરણ પલટો:વાદળછાયા વાતાવરણ સાથે ૯૪% ભેજ, તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ નોધાયું



નવસારી- નવસારી જિલ્લામાં વહેલી સવારથી વાતાવરણમાં નોંધપાત્ર પલટો આવ્યો છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં બીજા તબક્કાના માવઠાની આગાહી કરી હતી. તેના પગલે ગઈકાલે નવસારીમાં સવારે માવઠું થયું હતું. વરસાદથી શહેરના લોકોને તીવ્ર ગરમીમાંથી રાહત મળી હતી.

આજે આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહ્યું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૯૪ ટકા થયું છે. આના કારણે લોકો બફારાનો અનુભવ કરી રહ્યા છે. જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

આ પરિસ્થિતિ દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે ચિંતાનો વિષય બની છે. નવસારી જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના ખેડૂતોને આ સિઝનમાં પહેલેથી જ નુકસાન થયું છે. હવે બીજા તબક્કાનું માવઠું તેમની મુશ્કેલીઓમાં વધારો કરી શકે છે.

# બૌધાન ગામમાં ૬ જુગારી ઝડપાયા, ૨ ફરાર; રૂા.૨.૬૬ લાખનો મુદ્દામાલ જપ્ત



બારડોલી- સુરત ગ્રામ્ય વિસ્તારમાં પોલીસે જુગાર વિરોધી અભિયાન હેઠળ મોટી કાર્યવાહી કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે બૌધાન ગામની સીમમાં, ગળદેવી મંદીરની પાછળ ઝાબડી ખાડીના કિનારે આંબાના ઝાડ નીચે રેડ પાડવામાં આવી હતી.

સ્થળ પરથી ૬ જુગારીઓને પકડી પાડવામાં આવ્યા હતા, જ્યારે બે આરોપીઓ પોલીસની રેડ જોઈને ઝાડી-ઝાંખરામાં ભાગી છૂટ્યા હતા. આરોપીઓ ગંજીપાના વડે ત્રણ પત્તીનો હાર-જીતનો જુગાર રમતા હતા.

પોલીસે દાવ પરથી રૂા.૪,૩૩૦ અને આરોપીઓની અંગઝડતીમાંથી રૂા.૪૨,૨૦૦ રોકડા જપ્ત કર્યા છે. આ ઉપરાંત ૬ મોબાઈલ ફોન (કિંમત રૂા.૧ લાખ), ૫ મોટરસાયકલ અને મોપેડ (કિંમત રૂા.૧.૨૦ લાખ) અને એક ગંજીપાનાની કેટ મળી કુલરૂા. ૨,૬૬,૫૩૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ કાર્યવાહી DIG પ્રેમ વીર સિંહ અને DIG હિતેશકુમાર જોયસરના માર્ગદર્શન હેઠળ LCB પોલીસ ઇન્સ્પેક્ટર આર.બી. ભટોળની ટીમે અમલમાં મૂકી હતી. પોલીસે ફરાર થયેલા બે આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે અને તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

**આ ઉપરાંત ૬ મોબાઈલ ફોન (કિંમત રૂા.૧ લાખ), ૫ મોટરસાયકલ અને મોપેડ (કિંમત રૂા.૧.૨૦ લાખ) અને એક ગંજીપાનાની કેટ મળી કુલરૂા. ૨,૬૬,૫૩૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો**


# ઉમરપાડા પોલીસ સ્ટેશન હદ્ વિસ્તારમાં આવેલ મોજે સાદડાપાણી ગામની સીમમાં વિદેશી દારૂનો જથ્થો મળી કુલ્લે કિ.રૂ.૬,૦૯,૪૪૦ ના મુદ્દામાલ સાથે પ્રોહી. ગણનાપાત્ર કેસ શોધી કાઢતી સુરત ગ્રામ્ય જિલ્લા એલ.સી.બી.પોલીસ



**ઉમરપાડા** એલ.સી.બી. શાખાના પોલીસ કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી સુરત જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન એ.એસ. આઈ મુકેશભાઈ જયદેવભાઈ તથા અ.પો.કો. નરેશભાઈ હીરાભાઈ નાઓને તેઓના ખાનગી બાતમીદાર થકી ચોક્કસ બાતમી હકિકત મળેલ કે, એક કાળા કલરની હોન્ડા ફોરવીલ કાર નો ચાલક તેના કબ્જાની ફોરવીલ કારમા વિદેશીદારૂનો જથ્થો ભરી કેવડીથી સાદડાપાણીગામ થઇ વેલાવી તરફ જનાર છે.' તેવી ચોક્કસ હકિકત મળેલ હોય જે બાતમી હકિકતના આધારે હકિકતવાળી ફોરવીલ કારની વોચ તપાસમાં ગોઠવાઇ ગયેલ, દરમ્યાન કેવડી તરફથી સાદડાપાણીથી વેલાવીગામ તરફ જતા રોડ ઉપર એક કાળા કલરની હોન્ડા કંપનીની ફોરવીલ કાર આવતી જણાયેલ જેથી સદર ફોરવીલ કારના ચાલકને ટોર્ચના તથા સરકારી લાઠીના ઇશારા વડે તેની ફોરવીલ કાર ઉભી રાખવા

જણાવેલ જેથી સદર ફોરવીલ કારના ચાલકે તેની ફોરવીલ કાર થોડે આગળ જઇ ઉભી રાખી ફોરવીલ કાર મુકીને નાસી ગયેલ હોન્ડા કંપનીની ફોરવીલ કારમાં ઝડતી તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો મળી આવતા હોન્ડા કંપનીની ફોરવીલ કાર ચાલકને વોન્ટેડ જાહેર કરી તમામ મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# ટામેટાની આડમાં લઇ જવાતો ૪.૫૨ લાખનો દારૂ ઝડપાયો




કુકરમુંડા- તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં સમાવેશ પીશાવર ગામની સીમમાંથી પસાર થતો. અંકલેશ્વર - બુરહાનપુર નેશનલ હાઇવે ઉપર આવેલ પોલીસ ચેક પોસ્ટ પાસે ગત રવિવારના રોજ કુકરમુંડા પોલીસ વાહન ચેકીંગમાં હતી તે દરમ્યાન સવારના અંદાજિત પોણા આઠેક વાગ્યાના સમયે પોલીસ દ્વારા મહિન્દ્રા કંપનીની બોલેરો પીક-અપ ફોર વ્હીલર ગાડી માં ટામેટા ભરેલા કેરેટની નીચે છુપાવીને લઇ જવાતો ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની અલગ - અલગ બ્રાન્ડની બોટલીઓ નંગ-૨૫૦૮ જેમની આશરે કિંમત રૂપિયા ૪, ૫૨, ૦૭૬ તથા મહિન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડીની આશરે કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ તથા મોબાઈલ નંગ - જેમની કિંમત રૂપિયા ૫,૫૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૯,૫૭,૫૫૬ ના મુદ્દામાલ સાથે જે બોલેરો પીકઅપ ગાડીનો ચાલક શ્યામલાલ બગદીરામજી ભીલ (ઉ.વ. ૩૧) રહે. જવાલી મંગરી, નંગાવલી તા.ડુંગલા જી. ચિતોડગઢ ( રાજસ્થાન ) તથા ક્લીનર ભરતભાઈ જગન્નાથભાઈ માલી (ઉ.વ.૩૫) રહે. કિશોર જીગાખેડા તા.ડુંગલા જી. ચિતોડગઢ ( રાજસ્થાન ) નાઓને ઝડપી પાડ્યા હતા. જેમાં કુકરમુંડા પોલીસે પ્રોહીના મુદ્દામાલ સાથે ઝડપાયેલા બંને ઈસમોની અટક કરી પ્રોહીનો મુદ્દામાલ ભરી આપનાર વોન્ટેડ કરાયો હતો.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

# માણસાને સમર્પિત દોસ્ત બનતાં નથી આવડતું



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

માણસ એકંદરે સ્વાર્થપ્રિય પ્રાણી છે. એ પરમાર્થનો પછી વિચાર કરે છે અને સ્વાર્થને અગ્રિમતા આપે છે. સ્વાર્થ સિદ્ધ કરવા માણસ વખાણ, પ્રશંસા અને ખુશામતનો ઉપયોગ કરે છે. સ્વાર્થ ખાતર એ સંબંધ બાંધે છે અને સ્વાર્થ પૂરો થતાં એ સંબંધની ઉપેક્ષા કરે છે. તકસાધુ સંબંધીઓ માનવ-મનોવિજ્ઞાનનો બરાબર ઉપયોગ કરે છે. માણસને વશ કરવો હોય તો તેની ખામીઓને અવગણી ખૂબીઓનો આધાર લો એટલે માણસ પોતાની માનસિક કમજોરીવશ તમારો થઇ જશે. ખુશામત તો ખુદાને પણ પ્યારી હોય છે. માણસ પોતાની તારીફ સાંભળી એટલો બધો હર્ષવેશમાં આવી જાય છે. તેની વિવેકશક્તિ બહેર મારી જાય છે. પોતાની ખામીઓને ખૂબી માનનાર કે ગણાવનારનો તેવી વાણી કે વર્તન પાછળ શો આશય રહેલો હશે, તેનો પણ તે વિચાર કરતો નથી. એક જૂની હિન્દી ફિલ્મમાં ખલનાયક પ્રાણનો સંવાદ યાદ આવે છે. સામેના પાત્રને રિઝવવા એની ખોટી વાતને પણ ''ક્યા બાત હૈ'' કરી વખાણતો. એક વાર તે પાત્રે ક્રોધે ભરાઈને પ્રાણને લાત મારી. પણ પ્રાણ તે સંબંધ બગાડવા ઇચ્છતો નહોતો એટલે લાત ખાધા પછી પણ બોલ્યો: ''ક્યા બાત હૈ !''

પ્રેમીજનોમાં મોહ કે મોહાંધતાને કારણે વખાણની પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલતી હોય છે. પ્રિયપાત્રના દોષો પણ ગુણ જેવા લાગે છે પરંતુ પ્રણય સંબંધમાં કોઇપણ કારણસર તિરાડ પડે ત્યારે ખૂબી પણ ખામી જેવી લાગે છે. વ્યવહારશાસ્ત્ર સમજાવે છે કે તમારે શાન્તિથી જીવવું છે ? તો પ્રશંસાથી ફૂલાશો નહીં અને નિંદાથી વિચલિત થશો નહીં.

મતલબ કે માણસનું વર્તન કામ પડે ત્યારે જુદા પ્રકારનું હોય છે અને કામ પતે એટલે અલગ પ્રકારનું. લગ્ન સમયે વરરાજાને જે ખૂંપ કે હાર-તોરા, સેહરાથી વિભૂષિત કરવામાં આવે છે, તે પુષ્પો ફેરા ફરવાની એટલે કે લગ્ન પૂરું થતાં નદીમાં પધરાવી દેવામાં આવે છે !

સંબંધમાં પ્રલોભન ભળે ત્યારે શુદ્ધતાની બાદબાકી થઇ જાય છે.

આ ત્રણે પ્રકારના માણસોમાં ત્રીજા પ્રકારના માણસો નિમ્નકોટિના હોય છે. માણસાને સમર્પિત દોસ્ત બનતાં નથી આવડતું કે શાનદાર શત્રુ બનતાં. માણસનું વ્યક્તિત્વ કવિ નર્મદના શબ્દોમાં ''અરિજન ગાશે દિલથી'' એટલે કે શત્રુને પણ વખાણવાનું મન થાય એવું નિર્મળ હોવું જોઇએ.

રાજકારણમાં વખાણ અને નિંદાની ભરતી-ઓટ આવ્યા જ કરે છે. જે તકપક્ષમાં વાંકુ પડતાં પક્ષ કે વ્યક્તિ વિશેષની પહેલા કરાતી પ્રશંસાનું સ્થાન નિંદા લે છે. ખૂબીમાં ખામીનું દર્શન કરવા માંડે છે. માણસના તકવાદી સ્વભાવની સુધારણાનું ઔષધ આજ સુધી શોધાયું નથી. સલાહભર્યું એ છે કે, કોઇ તમારી ખૂબીઓ કે વિશેષતાનું વર્ણન કરે ત્યારે આત્મદર્શન કરી તમારા જ ગુણો કે ખૂબીઓની સામી વ્યક્તિ વખાણ કરે છે તેવા ગુણો અંદરથી સાચા અર્થમાં વિકસાવવાની કોશિશ કરો. માણસે ઉદાત્ત બનીને ચારિત્ર્ય સંપન્ન બનવંત અને સાચા અર્થમાં ખામીઓને દૂર કરી ખૂબીઓના વિકાસ માટે અંતઃકરણમાં ફળદ્રુપ ભૂમિ તૈયાર કરવી એ સજ્જનતાનું લક્ષણ છે. જાહેર કાર્યક્રમોમાં મુખ્ય મહેમાન કે અતિથિ-વિશેષનો પરિચય આપતાં પ્રશંસાના શબ્દપુષ્પોની જે વૃષ્ટિ થાય છે, તે જોતાં પ્રશંસિત વ્યક્તિ ફૂલાય છે. હકીકતમાં એવા વખાણ 'વ્યાજસ્તુતિ' એટલે કે મિથ્યા પ્રશંસા જ હોય છે. ડો. જોનસને સાચું જ કહ્યું છે`કે, પ્રશંસા કર્યા વગર વ્યક્તિ ખુશ થતી નથી અને જૂઠું બોલ્યા વગર મિઠાશપૂર્ણ ખુશામત કે પ્રશંસા થઇ શકતી નથી !

આજે નથી જોવા મળતી નથી તટસ્થ ભાષી જીભ કે નથી જોવા મળતાં ઇમાનદાર આંસુ. આજના સંબંધોમાં વાવણી કરતાં વણવાની વૃત્તિ કેન્દ્ર સ્થાને હોય છે. સંબંધમાં ઝઘડો થાય ત્યારે વિષ જ હાર આવતું હોય છે કારણ કે પોતાનું ધાર્યું ન થાય ત્યારે સંબંધમાં ખૂબીને બદલે ખામી જ નજરે પડે છે અને માનસિક સંકુચિતતાને કારણે સંધિ કે સુલેહ કરાવવાનું પણ મુશ્કેલ બની જાય છે. સંબંધ એ તપ છે એમાં તાપ (ક્રોધ) એ સંતાપ સર્જે છે. કેટકેટલા યુગો વિત્યા પણ માણસને સંબંધી બનતાં હજી સુધી આવડયું નથી. સ્વાર્થના ઓઠા હેઠળ સાચો સંબંધ કદી વિકસી શકે નહીં. હકીકતમાં યોગ્ય વ્યક્તિનો યોગ્ય વ્યક્તિ સાથેનો સંબંધ જ ચિરંજીવી હોય છે. સંબંધની શુદ્ધતાનો ટેસ્ટ થઇ શકે એવું 'સંબંધોમીટર' શોધાય તો નકલી અને તકલાદી સંબંધોનું સાચું સ્વરૂપ બહાર આવે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભૂજ ખાતેથી તાપી જિલ્લાને આપી વિકાસકાર્યની ભેટ

### આદિજાતિ સમુદાયના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ -આદિજાતિ વિકાસ રાજયમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ

### ૮૦૦ મેગાવોટ અલ્ટ્રા સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ-૭ અને નવા માર્શલિંગ યાર્ડનું રીમોડેલિંગના કાર્યોનું ઇ-ખાતમુહૂર્ત કરાયું

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભૂજ ખાતેથી ઉકાઈ સ્થિત ૮૦૦ મેગાવોટ અલ્ટ્રા સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ-૭, અને નવા માર્શલિંગ યાર્ડનું રીમોડેલિંગના કાર્યોનું ઇ-ખાતમુહૂર્ત કરીને તાપી જિલ્લાના વિકાસથી ગુજરાત રાજય અને રાષ્ટ્રના આત્મનિર્ભરતાના વિઝનને સાકાર કરવાની દિશામાં વધારો કર્યો છે.

આ પ્રસંગે તાપી જિલ્લામાં આયોજિત કાર્યક્રમમાં ગુજરાત રાજયના આદિજાતિ વિકાસ રાજયમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ પ્રેરક ઉપસ્થિતિ નોંધાવતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત રાજયની સિદ્ધિઓમાં સતત વધારો થયો છે. ગુજરાતમાં ઔદ્યોગિક ક્રાંતિ, સેમિ કંડક્ટર સેક્ટર, ટૂરિઝમ સેક્ટર, આઈટી સેક્ટર કે પછી શિક્ષણ ક્ષેત્રે પ્રગતિના નવા સોપાનો સર કર્યા છે. રોજગારી ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર બન્યું છે.






મંત્રીશ્રી હળપતિએ જણાવ્યું કે, તાપી જિલ્લો વિવિધ ક્ષેત્રમાં આગળ વધે અને વિકસિત તાપી જિલ્લાથી રાજય અને રાષ્ટ્ર વિકસિત બને તે માટે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ આદિજાતિ સમુદાયની ચિંતા કરીને તેમને વિકાસના માર્ગે દોર્યા છે.

આ પ્રસંગે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, જિલ્લ પંચાયતના પૂર્વપ્રમુખ, સંગઠન પ્રમુખ સુરજભાઈ વસાવા, જિલ્લા અને તાલુકાના સદ્સ્યશ્રીઓ, સંબંધિત વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પાકિસ્તાન ટેરરિઝમને જ ટુરિઝમ સમજે છે... ભુજમાં વિકાસ કાર્યોના લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન મોદીનું નિવેદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરામાં રોડ શો અને દાહોદમાં રૂ. ૨૩,૨૯૨ કરોડના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરીને ભુજ પહોચ્યા હતા. ભુજમાં પણ વડાપ્રધાન મોદીએ એરપોર્ટથી સભા સ્થળ સુધી દોઢ કિ.મી. લાંબો રોડ શો યોજયો હતો. અહીં વડાપ્રધાન મોદીને આવકારવા માટે મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી. ભુજમાં વડાપ્રધાન મોદીએ રૂ. ૫૩,૪૧૪ કરોડના 33 વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.




### ભુજમાં વિકાસકાર્યોનું લોકાપર્ણ-ખાત મુહૂર્ત

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ ગાંધીધામમાં સેન્ટર આલ્ફ એક્સેલન્સ, માતાના મઢ ખાતે મંદિર પરિસર, ખાટલા ભવાની, ચાચર કુંડ સહિતના વિસ્તારમાં વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત ખાવડા નવનિર્મિત રિન્યુએબલ એનર્જી ઝોનમાંથી ટ્રાન્સમિશન સિસ્ટમ, ગાંધીધામ શહેરમાં વાવાઝોડા પ્રતિરોધક અંડરગ્રાઉન્ડ વીજ વિતરણ નેટવર્ક, ભુજથી નખત્રાણા સુધી લેન હાઈ સ્પીડ કોરિડોર, ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સુવિધાનું નિર્માણ, કંડલામાં 3 રોડ ઓવર બ્રિજનું નિર્માણ તેમજ ધોળાવીરામાં પ્રવાસન ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણનો સમાવેશ થાય છે.

### કચ્છના વારસાનું પ્રતીક રણોત્સવ દરેકનું મન મોહી લે છે

કચ્છની સંસ્કૃતિની વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, અહીંની પરંપરા અને વારસાનું પ્રતીક રણોત્સવ દરેકનું મન મોહી લે છે. અદભૂત ક્રાફ્ટ બજાર હોય, સાંસ્કૃતિક કાર્યક્રમ હોય કે પછી ખાણી-પીણીની પરંપરા, અહીંનો તમારો દરેક અનુભવ અવિસ્મરણીય હોય છે. તમે બધાને મારો આગ્રહ છે ક એકવાર પોતાના પરિવાર સાથે આ રણોત્સવની જરૂર મુલાકાત લો.

### પાકિસ્તાન ટેરરિઝમને જ ટૂરિઝમ માને છે



આ દરમિયાન વડાપ્રધાન મોદીએ કચ્છ સહિત દેશભરના પ્રવાસનની પણ વાત કરી. તેમણે કહ્યું કે, ૩ટુરિઝમ લોકોને જોડે છે. ભારત ટુરિઝમમાં વિશ્વાસ ધરાવે છે, પરંતુ પાકિસ્તાન ટેરરિઝમને જ ટુરિઝમ માને છે, જે દુનિયા માટે ખતરો છે.

### કચ્છી ભાષામાં કરી સંબોધનની શરૂઆત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં કચ્છી ભાષામાં ભાષણની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે ૩કચ્છની પાવન ધરતી પર બિરાજમાન માતાના આશીર્વાદ આપણી બધી મનોકામના પૂરી કરે છે. માતાએ હંમેશા આ ધરતી પર કૃપા વરસાવી છે. સાથીઓ, મારો અને કચ્છનો નાતો જૂનો છે. તમારો પ્રેમ એટલો છે કે હું કચ્છ આવવાથી મારી જાતને રોકી શકતો નથી. હું રાજકારણમાં નહોતો, સત્તા સાથે કોઈ લેવાદેવા ન હતા, ત્યારે પણ હું સતત કચ્છ આવતો હતો. મને ખૂણેખૂણે જવાનો મોકો મળ્યો છે.

### કચ્છમાં પાણી ન હતું, પરંતુ કચ્છના ખેડૂતો પાણીદાર હતા

અભાવો વચ્ચે પણ આત્મવિશ્વાસથી ભરપૂર કચ્છ લોકો હંમેશા મારા જીવનને દિશા આપતા રહ્યા છે. જે જૂની પેઢીના લોકો છે તે જાણે છે, વર્તમાન પેઢીને કદાચ ખબર નથી, આજે તો અહીંનું જીવન ખૂબ જ સરળ છે, પરંતુ ત્યારે સ્થિતિ કંઈક જુદી હતી. પાણી માટે સદીઓથી તરસતા કચ્છ પર મા નર્મદાએ કૃપા કરી. મારું સૌભાગ્ય છે કે સૂકી ભૂમિ પર પાણી પહોચાડવાના કાર્યમાં નિમિત્ત બનવાનો તમે સૌએ મને અવસર આપ્યો. કચ્છમાં પાણી ન હતું, પરંતુ કચ્છના ખેડૂતો પાણીદાર હતા.

### એક જ જિલ્લામાં રૂ. ૫૦,૦૦૦ કરોડના કામ

કચ્છમાં વિકાસની વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ૩આજે કચ્છ વેપારનું કેન્દ્ર છે, હું જયારે કચ્છમાં વિકાસની ગતિ આપવા માટે આવું છું ત્યારે મને લાગે છે કે હું કંઇક વધુ કરીશ. મન અટકવાનું નામ લેતું નથી. એક સમય હતો ગુજરાતમાં રૂ. ૫૦,૦૦૦ કરોડના કામ સંભાળી શકાતા ન હતા, પરંતુ હવે એક જ જિલ્લામાં રૂ. ૫૦ હજાર કરોડનું કામ થવા જઇ રહ્યું છે. અહીં ભૂકંપ આવ્યો ત્યારે દુનિયાને લાગતું હતું કે હવે બધું ખતમ થઈ ગયું, હવે કંઈ થઈ શકે તેમ નથી અને કચ્છ તે ભૂકંપમાં મોતની ચાદર ઓઢીને સૂતું હતું. પરંતુ મે ક્યારેય મારો વિશ્વાસ ગુમાવ્યો નહોતો. મારો વિશ્વાસ કચ્છી ખમીર પર હતો. મને વિશ્વાસ હતો કે કચ્છ આ સંકટને હરાવી દેશે, મારું કચ્છ ઊભું થઈ જશે અને તમે સૌએ બરાબર એવું જ કર્યું. આજે કચ્છ વેપાર, કારોબાર અને ટુરિઝમનું મોટું કેન્દ્ર છે. આવનારા સમયમાં કચ્છની આ ભૂમિકા વધુ મોટી થવાની છે.

# માંગરોળના મહુવેજ ગામે હાઈવે ક્રોસ કરતા રાહદારીનું મોત:JB ફાઉન્ટેન હોટલ સામે અજાણ્યા વાહને ટક્કર મારી, ચાલક ફરાર

માંગરોળ- સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મહુવેજ ગામની સીમમાં એક દુર્ઘટના સામે આવી છે. નેશનલ હાઈવે નંબર ૪૮ પર ઉંઇ ફાઉન્ટેન હોટલની સામે એક વ્યક્તિ રસ્તો ક્રોસ કરી રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહને તેને ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે વ્યક્તિને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટના સ્થળે જ તેનું મૃત્યુ નિપજયું હતું. વાહન ચાલક અકસ્માત સર્જીને ફરાર થઈ ગયો હતો.




મુંબઈથી અમદાવાદ તરફ જતા હાઈવે પર આ ઘટના બની હતી. કોસંબા પોલીસને ઘટનાની જાણ થતાં તેમણે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૃતક વ્યક્તિની ઓળખ થઈ નથી.

# કાપડની થેલીના વપરાશથી ગામો પ્લાસ્ટિક મુક્ત થશે



ભરૂચ- ભરૂચ જિલ્લાના વિવિધ તાલુકાઓના ગ્રામીણ વિસ્તારમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે ડીઆરડીએ થકી ૨૨ મેથી ૫ જૂન દરમિયાન ગ્રામ્ય કક્ષાએ પ્લાસ્ટિક મુક્ત અંગેની અલગ અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. .જેમા ઘન કચરા વ્યવસ્થાપન અંગે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ ધરેલું સ્થળ પરથી કચરાનં યોગ્ય રીતે એકત્રીકરણ કરી કચરાને અલગ કરાશે.

કચરાને એક જગ્યા એ એકત્રિત કરવા માટે કચરાએકત્રીકરણ માટે ઈ-રીક્ષા કચરા ની ગાડી ફળીયામાં ફેરવવામાં આવી હતી. ત્યારે આજે સોમવારે જિલ્લાના દરેક ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે ગ્રામ્ય કક્ષાએ મિટિંગ કરીને લોકોને પ્લાસ્ટિક નો ઉપયોગ નહીં કરવા માટે સલાહ આપવામાં આવી હતી. જેમાં કોઈ પણ જાતની ખરીદી કરવા માટે જાઓ તો કાપડની થેલી સાથે લઇ જવાનું રાખો અને પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ નહીં કરવા જણાવ્યું હતું. સાથે લોકોની જાગૃતિ માટે 30 ગ્રામ પંચાયતે ૧૦ વધુ લોકોને પ્રોત્સાહન માટે કાપડની થેલી આપી અને પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવું તેમજ અન્ય લોકોને પણ નહીં કરવા સમજાવવામાં આવ્યું હતું.

Date-28/05/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# નિઝર, કુકરમુંડામાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

કુકરમુંડા- તાપી જિલ્લાના છેવાડાના નિઝર અને કુકરમુંડા તાલુકામાં સરકારની વિવિધ યોજના હેઠળ ૩૬ કરોડથી પણ વધુના ખર્ચે અંદાજિત ૪૮ જેટલાં વિવિધ વિકાસલક્ષી કામોનું ગત રોજ ૧૭૨-નિઝર વિધાનસભા ધારાસભ્ય ડો. જયરામભાઈ ગામીતના હસ્તે ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જેમાં નિઝર તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂપિયા ૫૫ લાખના ખર્ચે વ્યાવલ ગામે એપ્રોચ રોડ, ૧૦૦.૮૦ લાખના ખર્ચે હિંગણી, સુલવાડા, વ્યાવલ રોડ, ૫૦ લાખના ખર્ચે પીપલોદથી શિંદા વિલેજ જોઈનીંગ રોડ, ૫૨. ૫૦ લાખના ખર્ચે



સરવાળા ફાટાથી રિવર બેડ ગૌચર ફળિયા રોડ, ૧૨૨.૫૦ લાખના ખર્ચે મુબારકપુર થી વેલદા રોડ, ૫૦ લાખના ખર્ચે વેલદા વિલેજ મેઈન રોડથી ઉત્તર બુનિયાદી સ્કૂલ રોડ, ૪૩ લાખના ખર્ચે ખોડદાથી તગારીપાડા એપ્રોચ રોડ, ૮૦ લાખના ખર્ચે ભીલ ભવાલી એપ્રોચ રોડ, સરવાળા ગ્રામ પંચાયત ભવન બનાવવાનું કામ,૧૪.૯૯ લાખના ખર્ચે જુના અંતુર્લી ગામે સ્મશાનમાં કંમ્પાઉન્ડ વોલનું કામ, ૧૫ લાખના ખર્ચે અંતુર્લી ગામે વંચનાલય બનાવવાનું કામ, ૩૦ લાખના ખર્ચે અંતુર્લી ગામે પ્રાથમિક શાળા -૨ માં ઓરડાનું કામ૨૨ લાખના ખર્ચે વાંકા ગ્રામ પંચાયત ભવન બનાવવાનું કામ મળીને કુલ રૂપિયા ૧૧૭૩.૫૯ લાખના ખર્ચે થનાર વિવિધ વિકાસલક્ષી ૧૮ જેટલાં કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું.






# તાપી જિલ્લામાં આવેલ નદીઓ-જળાશય વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ

**અગમચેતીના ભાગરૂપે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું**

**તાપી** -તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ જાહેરનામુ બહાર પાડીને જિલ્લામાં આવેલી નદી, તળાવ વગેરે જળાશયો પર કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ મુક્યો છે. આવા સ્થળોએ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેના અગમચેતીના ભાગરૂપે વ્યારાટાઉન વિસ્તારમાં આવેલ નગરપાલિકા હસ્તકનું તળાવ, કણઝા, કાળા વ્યારા, બેડકુવાદુર ગામે તાપી નદીના કિનારાનો વિસ્તાર અને વ્યારા ખાતેના ઉકાઇ ડાબા કાંઠા નહેર, ઉચ્છલ તાલુકાના થુટી (ઇરીગેશન), ઉકાઇ જળાશયનો વિસ્તાર, જામકી (મીનીગોવા), ઉકાઇ જળાશયનો વિસ્તાર, હરીપુર (ઇરીગેશન), ઉકાઇ જળાશયનો વિસ્તાર અને વડદેખુર્દ (ઇરીગેશન), ઉકાઇ જળાશયના વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ મુક્યો છે.

જાહેરનામા મુજબ, પદમડુંગરી ઇકોટુરીઝમની બાજુમાં આવેલ અંબિકા નદીના બ્રિજ પાસેનો વિસ્તાર ડોલવણ તાલુકો, વાલોડ તાલુકામાં આવેલ વાલ્મીકી નદીના પુલ પાસેનો વિસ્તાર અને બાજીપુરા બજાર પાસે, મિંઢોળા નદીના નાના પુલ પાસેનો વિસ્તાર તેમજ સોનગઢ તાલુકાના ડોસવાડા ડેમસાઈટ ખાતેના વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ મુક્યો છે. જિલ્લામાં આ પ્રતિબંધ માછીમારી સાથે સંકળાયેલા લોકોને બાકાત રાખવામાં આવેલ છે. આ જાહેરનામું ૧૯/૦૭/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

## જાહેર જનતાને તથા તમામ ને જાણ કરવા હેતુ...!!!

''ગુજરાત આત્મીયતા'' ન્યુઝ તથા અખબારમાં તા. ૨૧/૦૫/૨૦૨૫ ના રોજ કામરેજ તાલુકામાં પાલી ગામ ખાતે સરપંચ દ્વારા તળાવની માટી સેવણી ગામના ફાર્મ હાઉસમાં વેચાણ કરી ભ્રષ્ટાચાર થયા અંગેનો અહેવાલ પ્રકાશીત કરવામાં આવ્યો હતો. જે ખોટી રીતે પ્રકાશીત થયો તે બાબતે અમો દિલગીરી સાથે ખેદ વ્યકત કરીએ છીએ.

ખરેખર આ બાબતની ઘટનાની જાણ ભુસ્તર ખાતા દ્વારા તપાસતા સરપંચ દ્વારા આ તળાવની માટી બાબતે ગ્રામપંચાયતમાં ટેન્ડર પાસ કરાવીને તે માટી યોગ્ય રીતે વેચાણ કરવામાં આવી રહી છે.

અમારી પાસે ખોટી રીતે સમાચાર પહોંચ્યા હતા. જેથી અમો સમગ્ર નગરજનો તથા વાંચકો પાસેથી દિલગીરી વ્યકત કરીએ છીએ. આવું કરવા પાછળ અમારો કોઈ ઉદ્દેશ હતો નહી. ફરીથી અમો ખેદ વ્યકત કરીએ છીએ....!!!

કામરેજ તાલુકામાં પાલી ગામ ખાતે સરપંચ દ્વારા

**તળાવની માટી સેવણી ગામના ફાર્મ હાઉસમા વેચાણ કરી.. ભ્રષ્ટાચાર..!**





**પાલીગામ** - પાલીગામ પંચાયતના તળાવો માંથી ગામ ના સરપંચ કૌશિક કુમાર રમણભાઈ રાઠોડ દ્વારા ગામ બહાર માટી વેચવામાં આવી છે.


પાલી ગામના રહીશો માટી લઈ જતા ટ્રક ચાલકને પુછતા માટી ક્યા જગ્યાએ લઈ જવાય છે અને એની રસીદ ચલણની માંગણી કરાઈ હતી ડ્રાઇવર પાસે કોઈ પણ ચલણ રસીદ ન મળતા ડ્રાઇવર ને ગામના રહીશો દ્વારા માલિક કોણ છે. એવા સવાલો કરવામાં આવ્યા ટ્રક ચાલક ટ્રક સ્થળ પર મુકી ને જ ભાગી ગયો.

અને ગામના રહીશોને સરપંચ દ્વારા ઉચાપત ભ્રષ્ટાચાર ની શંકા જતા તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે માટી ગામ પંચાયતનાં ઠરાવમાં એવુ જાણવા મળ્યું કે માટી પહેલા ગામના જરૂરિયાત લોકોને આપવાની હતી પછી ગામનાં ખેડૂતોને ખેતરો માટે આપવાની હોય છે. અને પછી સરકારનાં કોઇ પ્રોજેક્ટ માટે આપવાની રહેશે પણ સરપંચે જાણ કર્યા વગર માટી બારોબાર સેવણી પેટ્રોલ પંપની સામે હળપતિવાસ પાછળ ફાર્મહાઉસમાં ખૂબ ઉંચી કિંમતે માટી જાણ બહાર વેચી ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે. ગ્રામજનો જણાવ્યું મુજબ ભૂસ્તરવિભાગ ની કોઈ પરમિશન અને રોયલ્ટી વગર માટી ખનન સરપંચ દ્વારા કરાયું છે આ અંગે ભુસ્તર વિભાગ સુરત નિયામકશ્રી ને ગામજનોએ જાણ કરી ભ્રષ્ટાચાર ઉચાપટ કરનાર સરપંચ વિરુદ્ધ મા યોગ્ય પગલા ભરવા તાકીદ કરવામાં આવી છે.

**સરકારનાં કોઈ પ્રોજેક્ટ માટે આપવાની રહેશે પણ સરપંચે જાણ કર્યા વગર માટી બારોબાર સેવણી પેટ્રોલ પંપની સામે હળપતિવાસ પાછળ ફાર્મહાઉસમાં ખૂબ ઉંચી કિંમતે માટી જાણ બહાર વેચી ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું**

**આ સમાચાર પ્રકાશિત કરીને અમો કોઈના સન્માનને ઠેચ પહોંચાડવા નથી માંગતા. તેમજ કોઈની લાગણી દુર્ભાય તેઓ અમારો કોઈ ઉદ્દેશ હતો નહી. તે બદલ ફરી અમો અખબાર સંચાલક તથા ન્યુઝ સંચાલક તરીકે ખેદ વ્યકત કરીએ છીએ...!!!**

## પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. છત્રસિંહ ગણપતસિંહ રણા**
જન્મ તા. ૨૭/૦૭/૧૯૫૪
મરણ તા. ૨૭/૦૫/૨૦૨૦ જેઠ સુદ પાંચમ ને બુધવાર

ભક્તિ તમે કરી પૂણ્ય અમ સહુને મળ્યું, સંઘર્ષ તમે કર્યો, સુખ અમ સહુને આપ્યું, કર્મ તમે કર્યા, ફળ અમ સહુને આપ્યું, આપવું એજ આપનો જીવનમંત્ર હતો, આપના આશીર્વાદ સદા અમ સહુ ઉપર બની રહો. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અમારા સહુની વેદના સભર શ્રદ્ધાંજલિ.

**લિ. શોકાતુર**

**ગં.સ્વ.રસીલાબેન છત્રસિંહ રણા (ધર્મપત્ની)**

શ્રી રાજેન્દ્રસિંહ છત્રસિંહ રણા (પુત્ર)
શ્રી નરેન્દ્રસિંહ છત્રસિંહ રણા (પુત્ર)
સંગીતાબેન વનરાજસિંહ મહિડા (પુત્રી-જમાઈ)
ભાવિશાબેન જયદીપસિંહ ચૌહાણ (ભાણેજ-જમાઈ)
તથા સમસ્ત રણા પરિવાર

**શ્વસુર પક્ષ :**
શ્રી કિરીટસિંહ પરભુસિંહ વરાછીયા
શ્રી ગજેન્દ્રસિંહ પરભુસિંહ વરાછીયા
શ્રી નરેન્દ્રસિંહ મોહનસિંહ સોલંકી
શ્રી અજીતસિંહ મોહનસિંહ સોલંકી
શ્રી મુકેશકુમાર મોહનસિંહ સોલંકી
ગામ : બોલાવ, તા.ઓલપાડ

નિવાસ સ્થાન : કંટારા ફળિયું, વરીયાવ, તા.અડાજણ, સીટી સુરત.

## સંયુકત બેસણું



**સ્વ. સુરેન્દ્રસિંહ અમૃતસિંહ સોલંકી**

દિલગીરી સહ જણાવવાનું કે અમારા
પિતાશ્રી સુરેન્દ્રસિંહ અમૃતસિંહ સોલંકી
તારીખ : ૨૨-૦૫-૨૦૨૫ ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે.
પ્રભુ સદ્ગતની દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના

:: સદ્ગતનું બેસણું ::
તારીખ : ૨૯-૦૫-૨૦૨૫ ને ગુરૂવારના રોજ
રાખવામાં આવેલ છે.
સમય : બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાકે
એમના નિવાસ સ્થાને (સુથાર ફળિયું )માંડવી.

:: ઉત્તરક્રિયા વિધિ ::
તારીખ :: ૦૨-૦૬-૨૦૨૫ ને સોમવારના રોજ
રાખવામાં આવેલ છે.

:: લિ. શોકાતુર ::
બીનલબેન સુરેન્દ્રસિંહ સોલંકી (પત્ની)
જિજ્ઞાષુ રવિરાજ સોલંકી
યદુવીરસિંહ રવિરાજ સોલંકી

:: મો. ન. ::
7863088971 / 9925675315


॥ શ્રી સદ્ગુરુ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર
Mo. 97274 10292
94268 10292
**શ્રી બાલાજી ડાઈનીંગ હોલ**
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-



શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

## જોઈએ છે..! જોઈએ છે..!



**ગુજરાત આત્મીયતા**
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## ભાડેથી જોઈએ છે

રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

## ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!

૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808


OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).